GJKH040006332024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯–૦૭–૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | ૦૯–૦૭–૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૧૩–૦૫–૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ – માસ– દિન<br>૦૧–૧૦–૦૪ |

# FORM A

## મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, માતર.

## (ચુકાદાની તારીખ:૧૩/૦૫/૨૦૨૬)

## ફોજદારી કેસ નં.૪૧૮/૨૦૨૪

## માતર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૦૭૮/૨૦૨૪

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિ કરનાર | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી | (૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ,<br>(૨) ચીરાગભાઇ અરવિદભાઇ રાઠોડ,<br>(૩) પંકજભાઇ બચુભાઇ રાઠોડ,<br>તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર,જી.ખેડા. |
| પ્રતિનિધિ કરનાર | વિ.વ.શ્રી વી.આર.મુલાણી |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૩–૦૩–૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૪–૦૩–૨૦૨૪ |
| ચાર્જસીટ દાખલ કયા તારીખ | ૦૯–૦૭–૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૧–૦૮–૨૦૨૪ |
| પુરાવો શરુ કયા તારીખ | ૨૩–૦૧–૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૩–૦૫–૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારીખ જો હોય તો | ૧૩–૦૫–૨૦૨૬ |

## :: આરોપીની વિગતો ::

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિદોર્ષ છોડવામા આવ્યા કે કસુરવાર ? | શુ સજા કરી ? | સી.આર.પી.સી. કલમ–૪૨ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
| ૧ | પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ | ૨૮/૦૩/૨૦૨૪ | – | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫(૧) | સજા અને દંડ (પ્રોબેશન નો લાભ આપેલ છે.) | –– | –– |
| ૨ | ચીરાગભાઇ અરવિંદભાઇ રાઠોડ | ૨૮/૦૩/૨૦૨૪ | – | | | –– | –– |
| ૩ | પંકજભાઇ બચુભાઇ રાઠોડ | ૨૮/૦૩/૨૦૨૪ | – | | | –– | –– |

## FORM C

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદક્ષપક્ષ તરફે મૌખિક પુરાવો :: –

| ક્રમ અને નિશાની | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **PW-1-11** | ફરીયાદી સચીનકુમાર મુકેશભાઇ વાઘેલા | ફરીયાદી |
| **PW-2-15** | સાહેદ ધ્વનીશભાઇ બાબરભાઇ વાઘેલા | સાહેદ |
| **PW-3-16** | સાહેદ ગોપીબેન મુકેશભાઇ વાઘેલા | સાહેદ |
| **PW-4-17** | સાહેદ સરોજબેન મુકેશભાઇ વાઘેલા | સાહેદ |
| **PW-5-18** | સાહેદ મુકેશભાઇ મોહનભાઇ વાઘેલા | સાહેદ |
| **PW-6-19** | સાહેદ રાવજીભાઇ બુધાભાઇ પરમાર | સાહેદ |
| **PW-7-20** | ડોકટર સત્યમ પટેલ | ડોકટર |
| **PW-8-25** | પંચ કેતનકુમાર પુનમભાઇ | પંચ સાહેદ |
| **PW-9-27** | પંચ અસલમખાન સુલતાનખાન પઠાણ | પંચ સાહેદ |
| **PW-10-29** | પંચ મુનાવરહુસેન અહેમદ હુસેન | પંચ સાહેદ |
| **PW-11-34** | પી.એસ.ઓ. ઈર્ષાદહુસેન સમશેરમીયા | પી.એસ.ઓ. |
| **PW-12-37** | ત.ક.અ.નરેશભાઇ રઇજીભાઇ | ત.ક.અ. |

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

**(બી) બચાવપક્ષે સાહેદ :–**

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

**(સી) કોર્ટ સાહેદ :–**

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

**ફરીયાદપક્ષ તરફે અંકિ પાડેલા દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | EXHIBIT-P-12 | ફરીયાદ |
| ૨ | EXHIBIT-P-21 | ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૩ | EXHIBIT-P-22 | એમ.એલ.સી. સર્ટી નં.૧૦૩૩ |
| ૪ | EXHIBIT-P-23 | એમ.એલ.સી. સર્ટી નં.૧૦૩૪ |
| ૫ | EXHIBIT-P-26 | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૬ | EXHIBIT-P-28 | હથીયાર કબજે કર્યાનુ પંચનામુ |
| ૭ | EXHIBIT-P-35 | એફ.આઇ.આર.ની નકલ |
| ૮ | EXHIBIT-P-36 | સુચીપત્ર |
| ૯ | EXHIBIT-P-38 | ટેલીફોન વર્ધી |
| ૧૦ | EXHIBIT-P-39 | જાહેરનામુ |

**બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે અંકિ પાડેલ દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | - | – |

**મુદામાલની વિગત :–**

| અ.નં. | આટી.નં. | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | આર્ટી.નં.૧ | લોખંડની પાઇપ નંગ–૧ |
| ૨ | આર્ટી નં.૨ | વાંસની લાકડી નંગ–૧ |
| ૩ | આર્ટી નં.૩ | લોખંડનુ ધારીયુ નંગ–૧ |

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ગઇ તા.૨૩–૦૩–૨૦૨૪ ના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે મોજે ખડીયારાપુરા ઠાકોરવાસમાં ફરીયાદીના ભાઇ તુષારભાઈ નાએ મુકેલ સ્ટેટસ બાબતે ગાળો બોલી બોલાચાલી કરી હવે પછી સ્ટેટસ મુકશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને માથાના ભાગે આરોપી નં.ર નાએ લાકડીની ઝાપોટ મારી ચામડી ચીરાઇ લોહી કાઢી તેમજ આરોપી નં.૧ નાએ લોખંડની પાઇપ ધ્વનીશકુમાર ઉર્ફે રણજીતભાઇને ડાબા હાથે મારી ઈજા કરી તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાનુ ધારીયુ વીંજવા જતાં સાહેદ સરોજબેનના જમણા હાથનાં કાંડામાં વાગી ગઇ ઈજા કરી તમામ આરોપીઓએ ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીઆદનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કયાનો આક્ષેપ છે.

(૨) **પોલીસ કાર્યવાહી :–**

ઉપરકોત ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ માતર પોલીસ સ્ટેશનમા નોધવાતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ સંભાળી લઇ જરુરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ, આરોપીને અટક કરેલા અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જસીટ કરેલ છે.

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

## (૩) કોર્ટ કાર્યવાહી :–

ચાર્ઝસીટ ફાઇલ થયા બાદ આરોપીને સમન્સ કરવામા આવેલ જે સમન્સની બજવણી થતા આરોપી કોર્ટમા હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામા આવેલ છે. ત્યાર બાદ આરોપી મુદતે હાજર રહેતા તેઓની સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને ત્યાર બાદ આંક–૦૫ થી ૦૭ સુધી પ્લી રેકર્ડ કરવામા આવેલ છે જેમા તેઓને આક્ષેપીત ગુનો કબુલ નથી અને કેસ કાર્યવાહી આગળ ચલાવવી છે તેવુ જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

## (૪) બચાવપક્ષનો પુરાવો :

સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાં વધુ કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષનાં પુરાવાને લક્ષમાં લેતાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઇન્કાર કરી સોગંદ પર જુબાની તેમજ બચાવનાં સાહેદો તપાસ નથી તેવું જણાવી વિશેષ જવાબમાં આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ છે, ખોટુ ચાર્ઝસીટ છે જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

## (૫) દલીલો ::

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે તેમજ આરોપીપક્ષે આંક–૪૧ થી લેખીત દલીલ રજુ રાખેલ છે જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકત સદરહુ કેસના ન્યાયીક નિર્ણય અથે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

## –:: મુદાઓ ::–

૧. શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૨૩–૦૩–૨૦૨૪ ના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે મોજે ખડીયારાપુરા ઠાકોરવાસમાં ફરીયાદીના ભાઇ તુષારભાઇ નાએ મુકેલ સ્ટેટસ બાબતે ગાળો બોલી બોલાચાલી કરી હવે પછી સ્ટેટસ મુકશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને માથાના ભાગે આરોપી નં.૨ નાએ લાકડીની ઝાપોટ મારી ચામડી ચીરાઇ લોહી કાઢી તેમજ આરોપી નં.૧ નાએ લોખંડની પાઇપ ધ્વનીશકુમાર ઉર્ફે રણજીતભાઇને ડાબા હાથે મારી ઈજા કરી તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાનુ ધારીયુ વીંજવા જતાં સાહેદ સરોજબેનના જમણા હાથનાં કાંડામાં વાગી ગઇ ઈજા કરી તમામ આરોપીઓએ ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી ખેડા–નડીઆદનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનાં મારા જવાબ નીચે મુજબ છે.

૧. હકારમાં,
૨. આખરી હુકમ મુજબ.

## // કારણો //

### (૮) મુદા નં.૧ ની ચર્ચા ::

ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં સાહેદોને તપાસેલ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી સચીનકુમાર મુકેશભાઇ વાઘેલા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૪ ના ત્રીજા મહીનામા રાતના સાડા આઠ વાગ્યાની આસપાસ તેમના ફળીયામા બનેલો. બનાવ સમયે બસ સ્ટેન્ડે હતા તે વખતે તેમના મમ્મીએ ઘરે બોલાવેલા તે સમયે તેમના ભાઇએ

ઇન્સ્ટાગ્રામમા સ્ટોરી મુકેલી તે બાબતે આરોપીઓ ગાળો બોલતા હતા. જેથી તેમના મમ્મીએ તેઓને બોલાવેલા અને તેઓ ત્યા ગયા તો આરોપીઓ સાથે બોલાચાલી થયેલી. બોલાચાલીમાં આરોપીઓ તેમના ઘરનાને ગાળો બોલતા હતા જેથી તેઓ છોડાવતા હતા. તેઓ તેમના મમ્મીને પાછા વાળતા હતા ત્યારે ચીરાગભાઇએ તેઓને માથાના ભાગે પાછળના ભાગે પાઇપ મારેલો. પીયુષભાઇ ચીમનભાઇએ લાકડી મારવા જતા તેમના ભાઇ રણજીત વચ્ચે આવી જતા તેને હાથના ભાગે મારી દીધેલ. પંકજભાઇએ ધારીયુ લઇ તેમના મમ્મીને હાથના ભાગે મારી દીધેલ અને આરોપીઓ ગાળો બોલતા હતા. તેઓને સારવાર માટે ખેડા  ચરોતર હોસ્પીટલમા લઇ ગયેલા. પીયુષભાઇ કહેતા હતા કે આવા સ્ટેટસો કેમ મુકો છો ? મુકશો તો મારી નાંખીશુ તેવી ધમકી આપેલી. બનાવ બાબતે ફરીયાદ આપેલી જેમા તેઓની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૧૨ આપવામા આવેલ છે. તેઓ આરોપીઓને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ કોઇ કામ ધંધો કરતા નથી. તેઓ પંચાયતમાં સભ્ય છે. તેઓ અને આરોપી વચ્ચે પહેલા કોઇ ઝગડા થયેલા નથી. ઇન્સ્ટાગ્રામ પર શું સ્ટોરી મુકેલી તેની ખબર નથી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા.

(૮.૨) આંક–૧૫ થી સાહેદ ધ્વનીશભાઇ બાબરભાઇ વાઘેલા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ પહેલા જોગણી માતાના ફળીયામા રાતના આઠ વાગ્યા આસપાસ બનેલો. મોબાઇલમાં સ્ટેટસ મુકવા બાબતે સચીન અને પીયુષભાઇ વચ્ચે ઝગડો થયેલ. પીયુષભાઇ, ચીરાગભાઇ, પંકજભાઇએ સચીનભાઇ જોડે મારા મારી કરેલી. બનાવમાં ચીરાગભાઇએ સચીનભાઇના માથામા લાકડી મારેલી. તેમના કાકી સરોજબેનને ઝપાઝપીમા

પંકજભાઇના હાથમાના ધારીયાની ચાંચ હાથના ભાગે વાગેલી. તેઓ વચ્ચે છોડાવવા પડતા તેઓને ડાબા હાથે લાકડી વાગેલી અને ગાળો બોલતા હતા. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો. આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. વધુમાં સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ કબુલ કરેલ છે કે, આરોપીએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, સચીન તેમના કાકાનો દીકરો થાય છે. તેઓ પોતે વેલ્ડીંગનુ કામ કરે છે. તેઓ બધા એક જ ફળીયામાં રહે છે. ચીરાગભાઇ બીજા ફળીયામાં રહે છે. તેઓ પંકજભાઇ બચુભાઇને ઓળખે છે. પંકજભાઇ ખેતરમા રહે છે. બનાવ સમયે તેઓ ઘરમા જમતા હતા. બનાવ બનેલો ત્યારે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા. તેઓએ ઝગડામાં સમાધાન કરાવવા પ્રયત્ન કરેલ પણ સમાધાન થઇ શકયુ નહી. તુષારભાઇએ ફોનમાં સ્ટેટસ મુકેલુ. પીયુષભાઇએ સ્ટેટસ બાબતે ઝગડો કરેલો. તેમના ગામમાં સરપંચની ચુટણીમા બે ભાગ પડેલા અને તેમાં વિરોધ પક્ષમાં પીયુષભાઇ, પંકજભાઇ અને ચીરાગભાઇ હતા. તેઓને આ લોકો સાથે ચુંટણી બાબતે કોઇ ઝગડા થયેલા નથી કે અદાવત નથી. ચીરાગભાઇએ સચીનભાઇને મારેલી લાકડીની લંબાઇ આશરે ૪ કે ૫ ફુટની હતી. આ લાકડી બાવળની કે વાંસની હતી તે તેઓ કહી શકે નહી. પોલીસે જવાબ લીધેલો નથી.

(૮.૩) આંક–૧૬ થી સાહેદ ગોપીબેન મુકેશભાઇ વાઘેલા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ પહેલા જોગણી માતાના ફળીયામા રાતનઆસ પાસ બનેલો. તુષારભાઇએ મોબાઇલમા સ્ટેટસ મુકેલ હતુ તે અનુસંધાને પીયુષભાઇ તેમના ફળીયામા આવી તે મા બેન સમાણી ગાળો બોલતા હતા. જેથી તેમના મમ્મીએ તેઓને જણાવેલ કે ભાઇ તમે કેમ ગાળો બોલો છો

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

પછી તેઓ  ગયેલા અને તેઓએ પુછેલ કે તમે કેમ ગાળો બોલો છો તો પીયુષભાઈએ જણાવેલ કે તારો ભાઈ આ રીતે સ્ટેટસ મુકે છે અને તેને જણાવ કે આવા સ્ટેટસ ના મુકે. બાદમાં તેણીએ તેના ભાઇને બોલાવેલો અને તેને જણાવેલ કે તુ આવા સ્ટેટસ કેમ મુકે છે લાવ મને બતાવ. તેણીના ભાઇએ તેણીને ફોનમાં સ્ટેટસ બતાવતા હતા પરંતુ એવુ કઈ વાંધા જનક સ્ટેટસ ન હતુ. તેમના ભાઇ તેણીને ફોનમાં સ્ટેટસ બતાવતા હતા તે વખતે પીયુષભાઇ લોખંડની પાઇપ લઇને આવેલા. હવે જણાવે છે કે ચીરાગભાઇ લોખંડની પાઇપ લઇને આવેલા અને સચીનભાઇને માથામા મારી દીધેલ અને બીજો ઘા મારવા જતા ધ્વનીશે વચ્ચે હાથ નાંખતા તેને વાગેલી. આ વખતે તેણીના મમ્મી છોડાવવા પડેલા તે વખતે પંકજભાઇના હાથમાના ધારીયાની ચાંચ હાથના ભાગે તેણીના મમ્મીને વાગેલી. આરોપીઓ જણાવતા હતા કે એકલા મળશો તો મારી નાંખીશુ તેવી ધમકી આપતા હતા. આરોપી કોર્ટમાં હાજર છે. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ નર્સીંગનો કોર્સ કરેલ છે. તેણીએ ચરોતર હોસ્પીટલમા કોઇ દિવસ નોકરી કરેલી નથી. બનાવની તારીખ યાદ નથી પરંતુ હોળીના આગલા દિવસે થયેલ. તેણી ચીરાગભાઇને ઓળખે છે તેઓ બીજા ફળીયામાં રહે છે. ચીરાગભાઇ ઉટઇ ગામે પ્રેમ લગ્ન કરેલા છે તેની ખબર નથી. ઉટઇ ગામ ખડીયારપુર થી બે કીમી. દુર આવેલ છે. બનાવ સમયે તેણી ઘરે હતી. સચીન પણ ઘરે હતો. તુષારને તેઓએ પછી ફોન કરીને બોલાવેલ. તેણીને કોઇ ઈજા થયેલ નથી. રણજીત ઉર્ફે ધ્વનીશને ચીરાગભાઇને પાઇપ મારેલી. સચીનભાઇને ચીરાગભાઇએ મારેલુ તે તેણીએ મારતા જોયેલા છે. સચીનભાઇને લોખંડની પાઇપ ચીરાગભાઇએ માથાના ભાગે મારેલી. તેણીએ લોખંડની પાઇપ નજરે

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

જોયેલી છે. પાઇપ કેટલા ફુટ લાંબી હતી તે તેણી કહી શકે નહી. તે કેવા કલરની હતી તેની પણ ખબર નથી. આ લોખંડની પાઇપ કેટલી પહોળી હતી તે અંગે સાહેદ કોર્ટ રુબરુ હાથથી આશરે માપ તેમના હાથથી જણાઇને કોર્ટ રુબરુ જણાવે છે તે કોર્ટ રુબરુ જોતા આશરે ૧ થી ૧.૫ ઇંચ જેટલી હોવાનુ જણાઇ આવે છે. કોર્ટ રુબરુ સદર પાઇપ સાહેદને બતાવવામાં આવે તો તે ઓળખી બતાવે તેમ છે જેથી કોર્ટ મારફતે મુદામાલ પાઇપ બતાવવાનો હુકમ કરવામાં આવે છે. તેઓને મુદામાલ આર્ટી. નં.૧ લોખંડની પાઇપ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે આ જ પાઇપ હતી. તે પાઇપ જોતા આશરે ૧ ઇંચ પહોળાઇનુ હોવાનુ કોર્ટ ધ્વારા નીરીક્ષણ કરતા જણાઇ આવેલ છે. તેઓ પંકજભાઇ બચુભાઇ રાઠોડને ઓળખે છે તેઓ ખેતરમાં રહે છે. પંકજભાઇએ ઝપાઝપીમાં તેણીના મમ્મીને ધારીયુ વાગતા ચાંચ મારેલી. તેણીના મમ્મીને ધારીયુ વાગતાં તેણીએ નજરે જોયેલ નથી. પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા સાથે ગયેલા. ફરીયાદ સચીને આપેલી. પોલીસે જવાબ લીધેલો. પોલીસે જવાબ વંચાવેલો. તેણી હાલ જય માડી હોસ્પીટલમાં નોકરી કરે છે. તેમના ભાઇ સચીન પણ જય માડી હોસ્પીટલમા નોકરી કરતા હતા.

(૮.૪) આંક–૧૭ થી સાહેદ સરોજબેન મુકેશભાઇ વાઘેલા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ અગાઉ જોગણી માતાના મંદીર પાસે રાતના આઠ સાડા આઠ વાગે બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હતા તે સમયે પીયુષ દારુ પીને ગાળો બોલતા હતા જેથી તેઓ ત્યાં ગયેલ અને કહેલ કે ભાઇ તુ કેમ ગાળો બોલે છે, તુષારે સ્ટેટસ મુકેલ હોય તો તેને બોલાવુ છુ અને તેમની દીકરી ગોપી આવી ગયેલી અને તેણીએ પણ ગાળો બોલવાની ના પાડેલ છતાં તેઓ ગાળો બોલતા હતા. બનાવ સમયે પીયુષની જોડે ચીરાગ અને પંકજ પણ હતા અને આ ત્રણેય જણાના હાથમા લાકડા તથા ધારીયા હતા. તેઓને જમણા હાથના કાંડાની ઉપર ધારીયાની ચાંચ

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

વાગી ગયેલ અને સારવાર ચરોતર હોસ્પીટલમાં લીધેલી. આ ધારીયુ પંકજભાઈના હાથમા હતુ. સચીનને ચીરાગે માથાના પાછળના ભાગે પાઈપ મારેલી અને મારી નાંખવાની ધમકીઓ આપેલી અને રણજીતને પણ ચીરાગે હાથ ઉપર પાઇપ મારેલી. તેઓને જે ધારીયાની ચાંચ વાગેલી તે ધારીયુ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓને મુદામાલ નં.૩ ધારીયુ બતાવવામાં આવે છે તે જોઈ કહી શકે તે આ ધારીયુ ન હતુ. મુદામાલ નં.૧ જોઈ કહે છે કે લોખંડની પાઈપ આ ન હતી. આરોપીઓને ઓળખી બતાવેલ છે. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલ.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને બે સંતાન છે તેમનુ નામ સચીન અને તુષાર છે. તેમનો દીકરો સચીન કોલેજ સુધી ભણેલા છે. તુષાર નોકરી કરે છે. તેઓ ચીરાગભાઈ ને ઓળખે છે. તે જોગણીમાતાના મંદીરની બાજુમાં ખીસ્તી વાડમાં રહે છે. તે તેમના ફળીયામાં રહેતા નથી. તેઓ પંકજભાઇ બચુભાઈને ઓળખે છે. તે ખેતરમા રહે છે. તેઓ પીયુષભાઈ ચીમનભાઈને ઓળખે છે અને તે પણ ખેતરમા રહે છે. ચીરાગભાઈ સાથે તેઓને અગાઉ કોઈ ઝગડો થયેલ નથી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. બનાવ સમયે સચીન નોકરી પર ગયેલ હતો. તુષાર પણ હાજર ન હતો. ધારીયાને હાથો હતો. કેવા કલરનો હતો તેની ખબર નથી. તેમનો દીકરો સચીન ગામ પંચાયતનો સભ્ય છે. ચુંટણીના કારણે તેઓને કોઈ ઝગડો થયેલો નથી. પંકજના કાકા સરપંચની ચુંટણીમાં ઉભા રહેલ હતા અને હારી ગયા હતા.

(૮.૫) આંક–૧૮ થી સાહેદ મુકેશભાઈ મોહનભાઈ વાઘેલા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ અગાઉ જોગણી માતાના મંદીર પાસે રાતનાં આઠ સાડા આઠ વાગે બનેલો. બનાવ

સમયે તેઓ નોકરી ઉપરથી ઘરે આવેલા હતા. બનાવ સમયે તેમના દીકરા સચીનને માથાના ભાગે ઈજા થયેલ હતી અને દીકરી ગોપી તેને દવાખાને લઇ ગયેલ હતી. તેમના પત્ની સરોજબેનને હાથનાં ભાગે ધારીયાની ચાંચ વાગેલ હતી. પીયુષભાઇ, ચીરાગભાઇ, અને પંકજભાઇ તેમના નાના દીકરા તુષારને ગાળો બોલતા હતા. સચીનને ચીરાગે લોખંડની પાઇપ માથાના ભાગે મારેલી અને તેમના પત્નીને ધારીયાની ચાંચ પંકજભાઇએ મારેલી. રણજીત તેમનો ભત્રીજો થાય છે. તેને પીયુષભાઇએ લાકડી મારેલી તેવી હકીકત જાણેલી. આરોપીઓ કોર્ટમાં હાજર છે તે જ છે. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ સમયે તેઓ નોકરી ઉપર હતા. તેઓ ઘરે આવ્યા ત્યારે તેઓને ખબર પડી કે ઝગડો થયેલો છે. બનાવ નજરે જોયેલ ન હોય કોણે શુ મારયુ તે કહી શકે નહી.

(૮.૬) આંક–૧૯ થી સાહેદ રાવજીભાઇ બુધાભાઇ પરમાર તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૬–૭ મહીના પહેલા ગામમા સાંજના સમયે બનેલો. તે સમયે સચીનભાઇ સાથે પીયુષભાઇ, ચીરાગભાઇ, પંકજભાઇએ ઝગડો કરેલો. આ બંને પક્ષો સામ સામે બોલાચાલી કરતા હતા તેવુ જાણવા મળેલ. તેઓ બનાવ બની ગયા બાદ આવેલા. બનાવ બાબતે તેઓને કઈ જાણવા મળેલ નહી. કોણ શુ બોલતુ હોય, કોણે શુ મારેલ તે પણ જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો. વધુમાં સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ જણાવેલ છે કે, રાતના સાડા નવ વાગ્યાના સુમારે તેઓ ઘરે હાજર હતા તેવામાં તેમના ઘરની સામે બુમાબુમ થતા તેઓ ત્યાં ગયેલા અને જોયેલ તો સચીનભાઇ નાઓના ઘરના

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

માણસો સાથે પીયુષભાઇ, ચીરાગભાઇ, પંકજભાઇ નાઓ બોલાચાલી અને ઝગડો કરતા હતા.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી.

(૮.૭) આંક–૨૦ થી ડો. સત્યમ પટેલ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૩–૩–૨૦૨૪ ના રોજ ચરોતર મલ્ટીસ્પેશાલીસ્ટ હોસ્પીટલ સોખડા ખાતે ઓર્થોપેડીક સર્ઝન તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે રાતના ૯–૫૧ વાગે દર્દી નામે સચીનકુમાર મુકેશભાઇ વાઘેલા તથા સરોજબેન મુકેશભાઇ આવેલા. સચીનભાઇને બનાવ બાબતે હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે તા.૨૩–૩–૨૦૨૪ ના રોજ રાતના ૯–૩૦ કલાકે ખડીયારપુરા ફળીયામા સામાવાળાઓએ લાકડીઓથી માર મારેલાનુ જણાવેલ. જેમાં નં.(૧) ચીરાગભાઇ અરવિદભાઇ રાઠોડ, (૨) પીયુષભાઇ ચીમનભાઇ, (૩) સાગર અરવિદભાઇ રાઠોડ, (૪) સુનીલભાઇ સોમાભાઇ રાઠોડ, (૫) નવીન બચુભાઇ રાઠોડ, (૬) પંકજભાઇ બચુભાઇ રાઠોડ, (૭) જીજ્ઞેશ ચીમનભાઇ રાઠોડ નાઓએ માથામાં માર મારેલ હતો. દર્દીને તપાસતા તે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા તેમને માથાના પરાઇટલ ભાગમાં ૩*૧ સેમી.નો કંપાયેલો , છુંદાયેલો ઘા હતો. આ દર્દીને અંદરના દર્દી તરીકે સારવાર આપી તા.૩૪–૩–૨૦૨૪ ના રોજ રજા આપવામાં આવેલી. આ ઈજા તાજી અને સાદી હતી જે સખત બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. તેનો ઓ.પી.ડી. કેસ પેપર્સ રજુ કરતા હોય જેને આંક–૨૧ આપવામાં આવેલ છે તેમજ તા.૧૧–૪–૨૦૨૪ ના રોજનુ એમ.એલ.સી. સર્ટી ૧૦૩૩ તેમના હસ્તાક્ષરમાં આપેલુ તેમા સહી છે જેને આંક–૨૨ આપવામાં આવેલ. દર્દી સરોજબેન મુકેશભાઇને તપાસતા સંપુર્ણ સભાન અવસ્થામા હતા તેમને ડાબા હાથમા કોણી

અને કાંડા વચ્ચેના ભાગ ઉપર ઘસરકાની ઈજા હતી અને આ દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપેલ અને તેઓની ઈજા તાજી અને સામાન્ય પ્રકારની હતી. જે ઈજા સખત અને ધારદાર હથીયાર વડે થઇ શકે તેવી હતી. તા.૨૦–૪–૨૦૨૪ ના રોજનુ એમ.એલ.સી. સર્ટી ૧૦૩૪ મા પોતાની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૨૩ આપવામાં આવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ દર્દી પાસે પોલીસ ચાદી માંગેલી નહી. અકસ્માતનાં કેસમા અને પડી જવાના કેસમા પણ આવી ઈજાઓ થઇ શકે. તેમની હોસ્પીટલમાંથી પોલીસ સ્ટેશનમા વર્ધી લખાવેલી.

(૮.૮) આંક–૨૫ થી સાહેદ કેતનકુમાર પુનમભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં ખડીાચરપુરામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૨૬ આપવામા આવેલ છે. ગુનાવાળી જગ્યા જોતા પશ્ચિમ બાજુ જોગણી માતાનો મંદીર આવેલ છે. જોગણી માતાના મંદીરની પાછળ પંકજભાઇનો ઘર આવેલ છે અને જોગણી માતાના મંદીરની બાજુમાં ખુલ્લી જગ્યા આવેલ છે. પુર્વ એક મકાન આવેલ છે જે બંધ હાલતમાં છે તે મુજબ સ્થળ સ્થીતીનુ પંચનામુ પંચો રુબરુ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ પોલીસે તૈયાર પંચનામામા સહી કરેલી, પંચનામુ વાંચેલ નહી.

(૮.૯) આંક–૨૭ થી પંચ અસલમખાન સુલતાનખાન પઠાણ તથા આંક–૨૯ થી પંચ મુનાવરહુસેન અહેમદ હુસેન તેમની સોગંદ પરની જુબાનીમાં તા.૨૮–૩–૨૦૨૪ ના રોજના હથીયાર કબજે કર્યાના પંચનામામા પોતાની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૨૮ આપવામાં આવેલ છે. સદર પંચ સાહેદો પંચનામાની વિગત

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

હકીકતને સમર્થકારી પુરાવો આપેલ ના હોય ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામા સહી કર્યા સીવાય કઈ જાણતા નથી.

(૮.૧૦) આંક–૩૪ થી પી.એસ.ઓ. ઈર્શાદહુસેન સમશેરમીયા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૪–૩–૨૦૨૪ ના રોજ તેઓ માતર પો.સ્ટે.મા પી.એસ.ઓ.મા હતા ત્યારે ૧૦–૫૦ કલાકે ફરીયાદી સચીનકુમાર મુકેશભાઇએ રુબરુ ફરીયાદ હકીકત જાહેર કરતા તેમના લખાવ્યા મુજબની લખી લઈ ફરીયાદ ફ.ગુના રજી.નં.૭૮/૨૦૨૪ થી ઈપીકો કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો નોધી લીધેલ. એફ.આઇ.આર.ની નકલમાં પોતાની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૩૫ આપવામા આવેલ છે ત્યાર બાદ આગળની તપાસ તેઓએ હે.કો.નરેશભાઇને સોપેલી જે સુચીપત્રમાં તેઓની સહી છે જેને આંક–૩૬ આપવામા આવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખેલ છે.

(૮.૧૧) આંક–૩૭ થી ત.ક.અ. નરેશભાઈ રઈજીભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ ની સાલમાં માતર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તા.૨૩/૦૩/૨૦૨૪ ના રોજ ૧૦:૪૫ વાગ્યે ચરોત્તર હોસ્પીટલ માતર ડો.સત્યમ પટેલ નાએ એક ટેલીફોનીક વર્ધી પી.એસ.ઓએ લખી લીધેલ અને આગળની કાર્યવાહી માટે તેઓ તરફ મોકલેલ જે અસલ વર્ધીને આંક

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

–૩૮ આપવામાં આવે છે. સદર વર્ધીના આધારે હોસ્પીટલ જઈએ તે પહેલા ફરીયાદી સચીનભાઈ પોલીસ સ્ટેશને આવી અને ફરીયાદ પી.એસ.ઓ રૂબરૂ આપી દીધેલ. પી.એસ.ઓએ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સોંપેલી. ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લઈ જરુરી પંચનામાઓ કરી ઈજા પામનાર સાહેદોના નિવેદનો લઈ હથીયાર પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. ત્યારબાદ ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલા તેમજ મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી, નડીયાદનુ તા.૧ /૩/૨૪ થી ૩૧/૩/૨૪ સુધીનુ જાહેરનામુ અમલમાં હોય તે મેળવેલ તે જાહેરનામાને આંક–૩૯ આપવામાં આવે છે. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ આ કામની ફરીયાદ વાંચેલી છે. ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તેઓએ ગુનાવાળી જગ્યાએ જઈને કરેલુ. ગુનાવાળી જગ્યાની આજુબાજુ મંદીર આવેલ છે. આ મંદીર કોનુ છે તે યાદ નથી. તેઓએ આ કામે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા છે. ફરીયાદીની ફરીયાદમાં ચીરાગભાઇ અરવિદભાઈના નામનો કોઇ આરોપી જણાવવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએ જવાનો રસ્તો ડામરવાળો રોડ છે.

(૯) હવે આક્ષેપીત ગુનો સાબીત કરવા માટેનાં આવશ્યક તત્વો જોવામાં આવે તો આ કેસના કામે ફરીયાદી તેઓને ચીરાગભાઇ ધ્વારા ઈજા કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવે છે. વધુમાં તેઓ આરોપી પીયુષભાઇ ધ્વારા રણજીત ઉર્ફે ધ્વનીશને ઈજા કરેલ હોવાની અને

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

આરોપી પંકજભાઇ ધ્વારા સરોજબેનને ઈજા કરેલ હોવાની હકીકત જણાવે છે અને તે હકીકતોને આ કેસનાં કામે સાહેદ ધ્વનીશ ઉર્ફે રણજીતભાઈ, સાહેદ ગોપીબેન તથા સાહેદ સરોજબેન સ્પષ્ટપણે સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. જેથી આરોપી ચીરાગભાઈ, પીયુષભાઈ તથા પંકજભાઈ ધ્વારા સાહેદ સચીનભાઈ, ધ્વનીશ અને સરોજબેનને ઈજા કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાય આવેલ છે અને તમામ સાહેદો એકબીજાને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. વધુમાં સદર કેસનાં કામે આંક–૨૦ વાળા મેડીકલ સાહેદને જોતાં તેઓએ પણ ઈજા પામનાર સચીન અને સરોજબેનને સામાન્ય ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે. જે આ કામે ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન કરતો મેડીકલ પુરાવો છે. વધુમાં આરોપીઓનાં વિ.વ.શ્રીએ જાતે ઉલટ તપાસમાં ચુંટણી બાબતની આરોપીઓ સાથે તકરાર હોવાની હકીકત પુછેલ છે જેથી જણાય આવે છે કે, આરોપીઓ તથા ફરીયાદીનાં સબંધ સારા નથી. જે બનાવ હકીકતને પરોક્ષ રીતે સમર્થન કરેલ છે. આમ, ઉપરોકત પુરાવાની ચર્ચાની અંતે ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૧૦) સદર કેસના કામે નામદાર સુપ્રિમ કોર્ટનો **Yogesh Singh Vs. Mahabeer Singh & Ors. Criminal Appeal No.1482 of 2023** ચુકાદાનો ઉલ્લેખ કરવો જરુરી જણાય આવેલ છે જેમા રસ ધરાવતા સાહેદની જુબાની ઉપર કેટલો આધાર રાખી શકાય તે બાબતે બહુ સારી રીતે જણાવેલ છે. હાલના સાહેદો સ્વતંત્ર સાહેદ ગણવામાં આવે છે. નામદાર સુપ્રિમ કોર્ટના તે ચુકાદામાં પેરા નં.૨૪ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે,

**24.** On the issue of appreciation of evidence of interested witnesses, Dalip Singh Vs. State of Punjab,

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

AIR 1953 SC 364 = 1954 SCR 145, is one of the earliest cases on the point. In that case, it was held as follows:

“A witness is normally to be considered independent unless he or she springs from sources which are likely to be tainted and that usually means unless the witness has cause, such as enmity against the accused, to wish to implicate him falsely. Ordinarily, a close relative would be the last to screen the real culprit and falsely implicate an innocent person. It is true, when feelings run high and there is personal cause for enmity, that there is a tendency to drag in an innocent person against whom a witness has a grudge along with the guilty, but foundation must be laid for such a criticism and the mere fact of relationship far from being a foundation is often a sure guarantee of truth.”

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **BALU SUDAM KHALDE AND ANOTHER Vs. THE STATE OF MAHARASHTRA Criminal Appeal No.1910 of 2010** ના ચુકાદાનાં પેરા નં.૨૫ માં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, મૌખિક પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ જોઈએ તેવું સ્પષ્ટપણે જણાવેલ છે અને નામદાર સુપ્રિમ કોર્ટે સદર પેરામાં મૌખિક પુરાવાનું કેવી રીતે, કેવા સંજોગોમાં અને કેટલા પુરાવા ગ્રાહ્ય રાખવા જોઈએ તે પુરાવા પર મુલ્યાંકન કરી કેવી રીતે ચુકાદો આપવા તેમ બધુ જણાવેલ છે. જે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા નં.૨૫ નીચે મુજબ છે.

25. The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under:

“I. While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. II. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

III. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

IV. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole. V. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two

statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

VI. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

VII. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

VIII. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

IX. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

X. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person. XI. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

XII. A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes

so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

XIII. A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness."

[See Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat 1983 Cri LJ 1096 : (AIR 1983 SC 753) Leela Ram v. State of Haryana AIR 1995 SC 3717 and Tahsildar Singh v. State of UP (AIR 1959 SC 1012)]

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે આજ ચુકાદાનાં પેરા નં.૨૬, ૨૭ માં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, ઈજા પામનાર સાહેદની જુબાનીની પુરાવાની કિંમત વધારે છે અને જયાં સુધી વધારે વિસંગતતા જણાય આવતી ના હોય ત્યાં સુધી તેઓની જુબાનીને હળવેથી કાઢી શકાય નહી. નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા નં.૨૬ તથા ૨૭ નીચે મુજબ છે.

**26.** When the evidence of an injured eye-witness is to be appreciated, the under- noted legal principles enunciated by the Courts are required to be kept in mind:

(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.

(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.

(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.

(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

**27.** In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of

the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence.

જેથી સદર કેસનાં કામે ફરીયાદી તથા સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય  અને તમામ સાહેદોનાં મૌખિક પુરાવાથી સ્પષ્ટપણે બનાવ બનેલ હોવાની હકીકત પુરવાર થાય છે અને મૌખિક પુરાવાને મેડીકલ સર્ટીફીકેટ જેવાં દસ્તાવેજથી સમર્થન મળેલ છે. આમ, તમામ સાહેદોની જુબાની જોતાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને માર મારી ઈજા કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાય આવે છે.

(૧૦.૧) હવે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) બાબતે ફરિયાદપક્ષના કેસની હકીકતને ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદ હકીકત મુજબ આ કામનાં આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકત ફલિત થાય છે પરંતુ આ કામનાં ફરિયાદી તથા સાહેદોની જુબાનીનું ધ્યાન પુર્વક અને ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો ફરિયાદી અને સાહેદોએ તેમની જુબાનીમાં આરોપીઓએ ગાળો બોલી હોવા બાબતે કોઈ પુરાવો આપેલ નથી. આમ આરોપી ધ્વારા ગાળો આપેલ તેમાં ચોકકસ શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતુ નથી.  ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) નાં આવશ્યક તત્વ જોતા ખરેખર આરોપીઓ કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેને કારણે ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાં તિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતુ નથી. આ તબકકે

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

<u>*નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૭ (૧) જી.એલ.એચ.૩૩૭,પ્રવિણભાઈ બેચરભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત*</u>ના ચુકાદામાં જે ઓબ્ઝર્વેશન કરેલ છે તે ધ્યાને લેતા આ ગુનાના કામે ઈ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં આવશ્યક તત્વો સંતોષાતા નથી. વધુમાં આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે જો આ તબકકે એવુ અનુમાન કરવામાં આવે કે ધારો કે આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી કોઈ કામ કરવાનું કહેલ.આ સંજોગોમાં આરોપીની ધમકી ને કારણે ફરિયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતુ કે કેમ ? અને ફરિયાદી ઉપર ધમકીની કોઈ અસર થઈ હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ ફરિયાદીએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ? તે પણ સાબીત થવુ જોઈએ પરંતુ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલિત થતી નથી. જેથી આ કામનાં આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી.

(૧૦.૨) વધુમાં આ કામે રેકર્ડ વંચાણે લેતાં આંક–૩૯ થી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથીયાર બંધીનું જાહેરનામું રજુ છે. સદર જાહેરનામા બાબતે ફરીયાદપક્ષે કોઇ માહીતગાર કર્મચારી કે અધિકારીને આ કામે તપાસેલા નથી. તેમજ ફરીયાદપક્ષે સદર જાહેરનામા બાબતે કોઇ જાહેર સ્થળ પર ચોંટાડી કે ઢંઢેરો પીટી જાહેરનામાની પ્રસિધ્ધિ કરાવેલ હોય તેવુ જણાય આવતું નાં હોય ફરીયાદપક્ષ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતાં હોય તેમ જણાય આવતું નથી. જેથી આરોપીઓએ

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય તેમ નિ:શંકપણે કહી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનાં પુરાવાનું મુલ્યાકંન કરતા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ ગુનાની સાબીતીનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો હોઈ સાહેદોના પુરાવાથી ગુનાની અંગેની કડી એકબીજા સાથે જોડાવવી જોઇએ. એક સાક્ષીની પણ જુબાની વિશ્વસનીય અને સંપુર્ણ સમર્થનકારી હોઇ અને સચોટ હોઈ તો તેનાં ઉપર આધાર રાખી શકાય છે. જે તમામ કાયદાનાં સિધ્ધાંતોને ધ્યાને રાખી હાલનાં પ્રસ્તુત હાથ ઉપરનાં કેસમાં આવેલ પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરવામાં આવતા આ કામના આરોપીઓ સામે ફરીયાદપક્ષે જે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી તથા સાહેદોને ઈજા કરેલાંનો આક્ષેપ છે તે મુજબનો પુરાવો આવેલ હોય ફરીયાદપક્ષ આક્ષેપ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરતા હોય મુદા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદા નં.ર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## __// હુકમ //__

**(૧)** આ કામના આરોપી નં.(૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ, (ર) ચીરાગભાઈ અરવિદભાઈ રાઠોડ, (૩) પંકજભાઈ બચુભાઈ રાઠોડ, તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર, જી.ખેડા નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનાં ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ મુજબ કસુરવાર ઠરાવવામાં આવે છે.

(ર) આ કામનાં આરોપી નં.(૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ, (ર) ચીરાગભાઈ અરવિદભાઈ રાઠોડ, (૩) પંકજભાઈ બચુભાઈ રાઠોડ, તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર, જી.ખેડા નાંઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુનાનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ મુજબ વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં તમામ આરોપીઓને દોષીત ઠરાવવામાં આવેલ હોય તે હુકમ અન્વયે સાંભળવા માટે સદર ચુકાદો મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૬ **(નરેન્દ્રકુમાર)**
સ્થળ:માતર જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

**:: સજા અંગેનો હુકમ ::**

**(૧૨)** સદર કામના આરોપી નં.(૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ, (૨) ચીરાગભાઇ અરવિદભાઇ રાઠોડ, (૩) પંકજભાઇ બચુભાઇ રાઠોડ, તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર, જી.ખેડા નાઓ નામદાર કોર્ટમાં હાજર છે અને આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ મુજબ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ત્યાર બાદ સદર ચુકાદો સંજા અંગે સાંભળવા માટે મુલતવી રાખતા આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીઓ સામે કોઇ ગુનો નોંધાયેલ નથી અને આરોપીઓ મજુરી કરી ગુજરાન ચલાવે છે જેથી આરોપીઓને પ્રોબેશનનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે. આ સીવાય બીજી કોઇ રજુઆત કરેલ નથી. જેથી આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા અને દંડ કરવા વિનંતી કરેલ છે.

**(૧૩)** ફરિયાદપક્ષે રજુઆત કરેલ છે કે, આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબની મહતમ સજા ન કરવામાં આવે તો સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે નહિ અને જેથી આવા પ્રકારનો ગુન્હો કરવામાં આરોપીઓને પ્રોત્સાહન મળે. જેથી આરોપીઓને મહતમ સજા કરવા માટે દલીલો કરેલી છે.

**(૧૪)** આરોપીઓનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા દલીલો કરવામાં આવેલ છે કે, આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો નોધાયેલ નથી અને આરોપી ધ્વારા કહેવાતા ગુના બાદ પણ કોઈ ફરીયાદી કે સાહેદની સાથે કૃત્ય કરેલ નથી. આરોપીઓ કુંટુબ કબીલાવાળા ઈસમ છે અને આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ માં જણાવ્યા મુજબનો લાભ આપવા વિનંતી કરેલ છે.

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

(૧૫) સદર કામના આરોપી નં.(૧) પીયુષભાઈ ચીમનભાઈ રાઠોડ, (૨) ચીરાગભાઈ અરવિદભાઈ રાઠોડ, (૩) પંકજભાઈ બચુભાઈ રાઠોડ સામેનું સાબીત થયેલ ગુનાનું તહોમત ધ્યાને લેતાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ માં એક વર્ષની સજા અથવા રૂા.૧,૦૦૦/– નો દંડ અથવા બંનેની જોગવાઈ કરવામાં આવેલી છે. આરોપીઓની ઉમંર જોતા હાલ આશરે ૧૯ વર્ષથી વધારે છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ માં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, The provisions of Section 360 of the Code read as under:

**Order to release on probation of good conduct or after admonition.**

(1) When any person not under twenty- one years of age is convicted of an offence punishable with fine only or with imprisonment for a term of seven years or less, or when any person under twenty- one years of age or any woman is convicted of an offence not punishable with death or imprisonment for life, and no previous conviction is proved against the offender, if it appears to the Court before which he is convicted, regard being had to the age, character or antecedents of the offender, and to the circumstances in which the offence was committed, that it is expedient that the offender

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

should be released on probation of good conduct, the Court may, instead of sentencing him at once to any punishment, direct that he be released on his entering into a bond with or without sureties, to appear and receive sentence when called upon during such period (not exceeding three years) as the Court may direct and in the meantime to keep the peace and be of good behavior: Provided that where any first offender is convicted by a Magistrate of the second class not specially empowered by the High Court, and the Magistrate is of opinion that the powers conferred by this section should be exercised, he shall record his opinion to that effect, and submit the proceedings to a Magistrate of the first class, forwarding the accused to, or taking bail for his appearance before, such Magistrate, who shall dispose of the case in the manner provided by sub- section (2). નામદાર સુપ્રીમ કોર્ટના **ABC 2019 (II) 18 SC** (ACQUITTAL & BAIL CASES) નાં ***LAKHANLAL @ LAKHAN SINGH - Appellant(s). Versus STATE OF MADHYA PRADESH - Respondent(s).*** ચુકાદાનાં પેરા –૧૭ માં ઠરાવેલ છે કે, પેરા–**17.** Coming to the facts of the present case, the incident has occurred

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

more than thirty years back in the year 1989. The appellant has suffered the proceedings for more than 30 years. There is no material on record that the appellant was involved in any other offence during the last more than thirty years. Therefore, **<u>we find that the High Court erred in law in not granting benefit of probation to the appellant convicting for an offence under Section 325 and Section 34 of IPC.</u>** **<u>Therefore, in terms of Section 360, it is ordered that the appellant be released on probation of good conduct for a period of one year</u>** on furnishing personal bond before the learned Trial Magistrate within a period of two months from the date of receipt of the certified copy of the order by the appellant. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના ***<u>Chandreshwar Sharma vs State of Bihar (2000) 9 SCC 245</u>*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, Mandatory duty is cast on the Court to record in its judgment specific reasons for not granting benefit of Sec. 360 Cr.P.C., to an accused where it could have been dealt with the accused thereunder. Supreme Court directed appellant to be released on probation of good conduct with condition to enter into a bond with one surety to appear and

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

receive the sentence when called upon during the period of one year.

(૧૬) જેથી આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ મુજબ પ્રોબેશનનો લાભ આપવા પાત્ર ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ મળવા પાત્ર રહેલો છે. પરંતુ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો ગુનો સાબીત થયેલ છે જેમાં એક વર્ષ સુધીની સજાની તથા રૂા.૧,૦૦૦/– નો દંડ અથવા બંનેની જોગવાઇ કરેલી છે. સદર કામનાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને માર મારી ઈજા કરેલી છે અને તે શરીરના વાઇટલ પાર્ટસ ઉપર ઈજા કરેલી નથી ત્યારે ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનાં ***LAKHANLAL @ LAKHAN SINGH - Appellant(s). Versus STATE OF MADHYA PRADESH - Respondent(s).*** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં તેમજ આરોપીઓ વિરુધ્ધ અન્ય કોઇ ગુનો નોંધાયેલો હોઇ કે આરોપીએ આ ટ્રાયલ ચાલી તે દરમ્યાન ફરીયાદીને કોઈ હાની કરેલ હોઇ કે અન્ય કોઇ સુલેહ શાંતિ ભંગ થાય તેવો કોઇ ગુનો કરેલ હોઇ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ મુજબ પ્રોબેશનો લાભ નામદાર સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ મળવા પાત્ર રહેલો હોઈ પરંતુ ફરીયાદી તથા સાહેદોને ઈજાના કારણે તકલીફ રહેલ હોય જેથી તેમની રોજીંદી ક્રિયાઓ કરવામાં પણ તકલીફ પડે તેમ હોઈ માનસીક અને શારીરીક યાતનાઓ ભોગવવી પડેલી હોઈ તે તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ ઈજા પામનારને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ ની માં કરવામાં આવેલી જોગવાઇ ધ્યાને લેતાં ફરીયાદી તથા સાહેદોને થયેલ ઈજાનુ વળતર આપવા માટે નામદાર સુપ્રિમ કોર્ટનાં ***Ankush Shivaji Gaikwad v.***

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

***State of Maharashtra (2013) 6 SCC 770 and Jitendra Singh v. State of U.P. (2013) 11 SCC 193*** ના ચુકાદા ને ધ્યાને લેતા યોગ્ય કેસ જણાતો હોઈ નામદાર સુપ્રીમ કોર્ટ ઠરાવેલ છે કે, **The Court held that consideration of grant of compensation to the victim of a crime is mandatory,** in the following words taken from Ankush Shivaji Gaikwad:

> "While the award or refusal of compensation in a particular case may be within the court's discretion, there exists a mandatory duty on the court to apply its mind to the question in every criminal case. Application of mind to the question is best disclosed by recording reasons for awarding/refusing compensation."

**Section 357 Cr.P.C.** empowers the Court to award compensation to the victim(s) of the offence in respect of the loss/injury suffered. The object of the section is to meet the ends of justice in a better way. This section was enacted to reassure the victim that he is not forgotten in the criminal justice system. The amount of compensation to be awarded under Section 357 Cr.P.C. depends upon the nature of crime, extent of loss/damage suffered and the

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

capacity of the accused to pay. જે ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટનાં ચુકાદા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ માં કરવામાં આવેલ જોગવાઇ અને તેનાં હેતુને ધ્યાને લેતાં મુદા નં.૨ નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** સદર કામના આરોપી નં.(૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ, (૨) ચીરાગભાઇ અરવિદભાઇ રાઠોડ, (૩) પંકજભાઇ બચુભાઇ રાઠોડ, તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર, જી.ખેડા નાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનાં ગુનાનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીઓને સીધી સજા ન કરતા એક વર્ષનાં સમયગાળા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ મુજબ પ્રોબેશન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામનાં આરોપીઓને એક વર્ષનાં પ્રોબેશન સમય દરમ્યાન સારી ચાલ ચલગત માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રુપીયા પંદર હજાર પુરા) નાં સ્વતંત્ર જામીન તથા તેટલી જ રકમનાં મુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ પ્રોબેશન સમય ગાળા દરમ્યાન કોઇપણ પ્રકારનું ગુન્હાહીત કૃત્ય આચરે તો તેઓને કોર્ટ ફરમાવે તેટલી સજા ભોગવવાની રહેશે.

૪. આરોપીઓને પ્રોબેશન ઓફીસરશ્રી નડીઆદ નાઓની નીરીક્ષણ હેઠળ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જેથી પ્રોબેશન ઓફીસરશ્રી નડીઆદ નાઓએ આરોપીઓને તેમની દેખરેખ હેઠળ રાખી તે અંગેનો છ માસે માસીક રીપોર્ટ અત્રેની અદાલતને કરવો અને અંગેની જરુરી યાદી પ્રોબેશન

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

ઓફીસરશ્રી નડીઆદ નાઓને કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૧ હેઠળ સદર કામનાં આરોપી નં.(૧) પીયુષભાઇ ચીમનભાઇ રાઠોડ, (૨) ચીરાગભાઇ અરવિદભાઇ રાઠોડ, (૩) પંકજભાઇ બચુભાઇ રાઠોડ, તમામ રહે.ખડીયાપુરા, ઠાકોરવાસ, તા.માતર, જી.ખેડા નાઓએ દરેકે રૂા.૨૦૦૦/–(અંકે રુપીયા બે હજાર પુરા) વળતર પેટે અત્રેની અદાલતમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ તરફથી જમા થયેલી રકમ આ કામનાં ફરીયાદીને રૂા.૬૦૦૦/– (અંકે રુપીયા છ હજાર પુરા) વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. તમામ આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે આ હુકમ વિરુદ્ધ અપીલ થાય તો અદાલત સમક્ષ હાજર રહેવા રૂા.૫૦૦૦/–(અંકે રુપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ રાખવા.

૭. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ મુજબ આરોપીઓને હુકમની એક નકલ વિના મુલ્યે તાત્કાલીક આપવાનો હુકમ કરવામાં આવે છે.

૮. સદર કામે બીન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૬ **(નરેન્દ્રકુમાર)**
સ્થળ:માતર જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦